## ઢોલુમ્બરથી ગેરકાયદે કપાતા સાગી લાકડા

**વનવિભાગે** છાપો મારી ૫.૭૦૦ ઘનમીટર લાકડાનો જથ્થો કબજે કરી બે વિરુધ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી



ઘેજ : ચીખલી તાલુકાના ઢોલુમ્બર ગામના દાદરી ફળિયા વિસ્તારમાં વન વિભાગના સ્ટાફે છાપો મારી પરવાનગી વગર કાપવામાં આવેલા સાગના નાના મોટા ૯૫ ઝાડો જેના ૧૩૬ નંગ ટુકડા ૫.૭૦૦ ઘન મીટરના કિંમત રૂપિયા ૨૮,૫૦૦નો જથ્થો કબ્જે કરવામાં આવ્યો હતો. આ તમામ મુદ્દામાલ એંધલ ડેપો ખાતે જમા કરી ખેડૂત નવનીત અમરત પટેલ તેમજ ઝાડ કાપનાર વેપારી અમ્રતભાઈ નગીનભાઈ પટેલ (રહે.ફડવેલ તા.ચીખલી) વિરૂધ્ધ આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

ખેડૂતોને સમયસર પરવાનગી ન મળવાના કારણે કે જટિલ કાર્યવાહી કરવી પડતી હોઈ તેઓ ગેરકાનૂની રીતે વેચાણ કરવા મજબૂર બન્યા છે. જેથી જંગલ ખાતાની કામગીરી ઉપર પ્રશ્ન ઉભો થવા પામેલ છે. આ અંગે ઇન્ચાર્જ આરએફઓનો સંપર્ક કરતા જેમણે ફોન રિસીવ કર્યો ન હતો. ચીખલી રેન્જ કચેરીના આરએફઓ છેલ્લા નવ મહિનાથી ઇન્ચાર્જ તરીકે ગાડું ચલાવાય રહ્યું છે.

**નવસારીમાં આધારકાર્ડ જેવી અતિમહત્વપૂર્ણ ઓળખ પ્રક્રિયા પૈસાના જોરે વેચાય છે**

# પૈસા આપો, આધાર લઈ જાઓ!

**નવસારીમાં** તંત્રની અંદરથી ભ્રષ્ટાચારનો વિસ્ફોટ

**મામલતદાર** કચેરીના આઈડી-પાસવર્ડના દુરુપયોગથી આધાર એપ્રુવલ, એક ઓપરેટરની ધરપકડ, મુખ્ય સુપરવાઈઝર હજી ફરાર



નવસારી : નવસારીમાં આધાર કાર્ડ જેવી અતિમહત્વપૂર્ણ ઓળખ પ્રક્રિયા પૈસાના જોરે વેચાતી હોવાનો ગંભીર અને ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જલાલપોર મામલતદાર કચેરીના 'સર્વિસ પ્લસ પોર્ટલ'ના આઈડી-પાસવર્ડનો દુરુપયોગ કરીને NRI મહિલાનું ગેરકાયદે આધાર કાર્ડ બનાવવામાં આવ્યું હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. આ કૌભાંડમાં આધાર કાર્ડ ઓપરેટરની ધરપકડ થઈ છે, જ્યારે સમગ્ર ગેરરીતિનો મુખ્ય સૂત્રધાર સુપરવાઈઝર હજી સુધી પોલીસની પકડ બહાર છે.

ફરિયાદ અનુસાર, કોલાસાણા ગામની બિન-નિવાસી ભારતીય (NRI) મહિલા પ્રતિક્ષાબેન સંજયભાઈ પટેલ હાલ યુએસએમાં રહે છે. આધાર કાર્ડ મેળવવા માટે નિયમ મુજબ છેલ્લા એક વર્ષમાં સતત અથવા ટુકડે-ટુકડે 182 દિવસ ભારતમાં નિવાસ ફરજિયાત છે. જોકે પ્રતિક્ષાબેન માત્ર 25 દિવસ ભારતમાં રહ્યા હોવા છતાં તેમનું આધાર કાર્ડ ગેરકાયદે રીતે એપ્રુવલ કરવામાં આવ્યું હતું.

તપાસમાં ખુલ્યું છે કે મરોલી બજારમાં રહેતા શહેજાદ શબ્બીર શેખે આધાર કાર્ડ ઓપરેટર તરીકે કામ કરી પોતાના સુપરવાઈઝર હરેશ રાજ્યગુરુ સાથે સાંઠગાંઠ કરી આ ગેરરીતિ આચરી હતી. આરોપીઓએ સરકારી પોર્ટલના આઈડી-પાસવર્ડનો દુરુપયોગ કરી આધાર એપ્રુવલ કરાવ્યું હતું અને બદલામાં રૂપિયા 7000ની લાંચ લીધી હોવાનું પણ સામે આવ્યું છે.

### તલાટી દ્વારા 'એનેક્સર-1 નેગેટિવ' નોંધાયો છતાં આધાર મંજૂર કરાયું

આ સમગ્ર મામલો તા. 18/08/2025ના રોજ કોલાસાણા ગામના એક જાગૃત નાગરિકની અરજ બાદ પ્રકાશમાં આવ્યો હતો. ત્યારબાદ મામલતદાર કચેરી દ્વારા આંતરિક તપાસ કરાઈ, જેમાં તલાટી-કમ-મંત્રી દ્વારા અગાઉ 'એનેક્સર-1 નેગેટિવ' નોંધાયો હોવા છતાં આધાર મંજૂર કરાયો હોવાનું બહાર આવ્યું જે સ્પષ્ટ કરે છે કે અંદરખાને ભ્રષ્ટાચારની સાંકળ કાર્યરત હતી. નવસારી ટાઉન પોલીસે ઓપરેટર શહેજાદ શબ્બીર શેખની ધરપકડ કરી સોમવાર સુધીના રિમાન્ડ મેળવ્યા છે, જ્યારે મુખ્ય સુપરવાઈઝર હરેશ રાજ્યગુરુની શોધખોળ ચાલુ છે. હવે સૌથી મોટો સવાલ એ છે કે શું માત્ર ઓપરેટર સુધી કાર્યવાહી સીમિત રહેશે કે પછી તંત્રની અંદર બેઠેલા મોટા માથાં સામે પણ કડક પગલાં લેવાશે?

## કાવેરી સુગરનું ૮૦ ટકા બાંધકામ પૂર્ણ છતાં શરૂ કરાઈ નહીં

**કાવેરી** સુગરની જમીનનો એનસીડીસી દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે રાતોરાત કબજો લઈ લેવાયો

ઘેજ : ચીખલીની કાવેરી સુગરની જમીનો એનસીડીસી દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે રાતોરાત કબ્જો લઈ લેવાતા ભાજપ સરકારની નિષ્ફળતા ઉજાગર થઈ છે. સાદડવેલ ગામે ૮૦ ટકા બાંધકામ થઈ ગયા બાદ પણ કાવેરી સુગર ધમધમતી કરવામાં નિષ્ફળ ભાજપ સરકાર સામે રોષની લાગણી સાથે ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે.

ચીખલી ઉપરાંત ખેરગામ, વાંસદા, ધરમપુર અને ડાંગ જિલ્લાના ૨૫,૦૦૦ થી વધુ સભાસદો ધરાવતી કાવેરી સુગરનું સાદડવેલ ગામે ૮૦ ટકા બાંધકામ પૂર્ણ થઈ જવા સાથે સરકારમાંથી શેર ફાળાની રકમ અને ૨૦૨૨ માં આદિજાતિ વિભાગમાંથી મંજુર કરાયેલી સહાયની રકમ ન મળતા ધીરાણ આપનાર સંસ્થા એનસીડીસીના હપ્તા શરૂ થઈ ગયા હતા.

જેની ભરપાઈ ન થતા એનસીડીસી દ્વારા સાદડવેલ સ્થિત કાવેરી સુગરની જમીનની હરાજી કરી દેવાઈ હતી. અને જમીનનો કબ્જો લેવા જતા સ્થાનિકોએ ચક્કાજામ કરી વિરોધ કર્યો હતો. બીજી તરફ કોંગ્રેસે લડત ચલાવી કાવેરી સુગર ચાલુ કરવાની માંગ કરતા કબ્જાની કાર્યવાહી સ્થગિત થઈ જવા પામી હતી. આ દરમ્યાન કાવેરી સુગર દ્વારા પણ હરાજીની પ્રક્રિયાને કોર્ટમાં પડકારેલી હોય કોર્ટમાંથી નિકાલ ન આવે ત્યાં સુધી જમીનનો કબ્જો એનસીડીસીને ન સોંપવાની રજુઆત કલેક્ટર સહિતનાઓને કરવામાં આવી હતી.

જોકે એનસીડીસી દ્વારા કોર્ટનો હુકમ મેળવી મંગળવારે પોલીસ બંદોબસ્ત સાથે સાદડવેલ પહોંચી કોઈને ભનક ન આવે તે રીતે જમીનનો કબ્જો લઈ લેવાયો હતો.

### રાજ્યમાં મહત્તમ ભાજપ સરકારનું શાસન છતાં સુગર ચાલુ કરાવવામાં નિષ્ફળ

૧૯૮૯ ના વર્ષમાં સ્થાપના થયેલી કાવેરી સુગરનું ખાતમુહૂર્ત ૨૦૧૬ ના વર્ષમાં ભાજપના તત્કાલિન મુખ્યમંત્રી આનંદી પટેલના હસ્તે કરાયું હતું. સ્થાપનાથી આજદિન સુધીના સમયગાળામાં રાજ્યમાં મહત્તમ ભાજપ સરકારનું શાસન રહ્યું છે. અને આ દરમ્યાન નવસારી અને વલસાડ જિલ્લામાંથી વિધાનસભા અને લોકસભામાં પ્રતિનિધિત્વ કરનાર ધારાસભ્યો અને સાંસદો પણ કાવેરી સુગર ચાલુ કરાવવામાં ધરાર નિષ્ફળ રહ્યા છે. જેને લઈને ભાજપ સરકાર સામે લોકોમાં ઉગ્ર રોષ ભભૂકી ઉઠ્યો છે.

### સત્તાના મદમાં છકી ગયેલા ભાજપીઓને લોકો પાઠ ભણાવે તો નવાઈ નહીં

એનસીડીસીની હરાજી પ્રક્રિયા સામે પણ અનેક સવાલો ઉભા હોવા છતા અને સરકાર દ્વારા પાડોશી જિલ્લાની એક બંધ પડેલી સુગરને ચાલુ કરવા માટે ત્રીસ કરોડ જેટલી સહાય આપી કાવેરી સુગરને કાંણી પાઈ પણ ન આપી અન્યાય કરવાના મુદ્દે પણ ભાજપના ચૂંટાયેલા, સંગઠનના નેતાઓ મૌન સેવી રહ્યા છે. આમ ચીખલી વિસ્તારના હજારો ખેડૂતોને અન્યાય થવાના મુદ્દે પણ કોઈ બોલનાર નથી. ત્યારે આગામી તાલુકા-જિલ્લા પંચાયતની ચૂંટણીમાં સતાના મદમાં છકી ગયેલા ભજપીઓને લોકો પાઠ ભણાવે તો નવાઈ નહીં.

**મગોદમાં સ્ટ્રીટ લાઇટ મુદ્દે કથિત ભ્રષ્ટાચારની શંકા સાથે ફરિયાદ**

## મગોદ ગામે લાઇટ લગાવાઇ નહીં અને બિલ પાસ થઇ ગયું

**ગામમાં** 220 લાઇટ લગાવાઇ હોવાના બિલ પસાર કરી દેવાયા પણ નવી લાઇટ જોવા મળતી નથી



વલસાડ : વલસાડના મગોદ ગામે સ્ટ્રીટ લાઇટના મુદ્દે કથિત ભ્રષ્ટાચારની શંકા સાથે ફરિયાદ થતા ખળભળાટ મચી ગયો છે. ગામમાં 220 લાઇટ લગાવાઇ હોવાના બિલ પસાર કરી દેવાયા છે. જોકે, નવી લાઇટ કશે જોવા મળતી ન હોય ગામના જાગૃત નાગરિકે આ અંગે વલસાડ તાલુકા પંચાયતમાં ફરિયાદ કરી છે. જેને લઇ ગ્રામ્ય પંથકમાં ભારે ચર્ચા ચાલી રહી છે.

વલસાડના મગોદ ગામમાં લાઇટ લગાવવાનો કોન્ટ્રાક્ટ મહાવીર ટ્રેડર્સને આપ્યો હતો. જેમને રૂપિયા 4,74,624ની રકમનું બિલ પણ ચૂકવી દેવાયું હતુ. જોકે, આ જાણ ગામના જાગૃત નાગરિકો દિનેશભાઇ પટેલને તેમજ અન્યોને થતાં તેમણે ગામમાં સરવે કર્યો હતો. જેમાં તેમણે જોયું કે, વીજ પોલ પર નવી સ્ટ્રીટ લાઇટ લગાવાઇ જ નથી. અહીં સ્ટેન્ડ પણ જૂના છે. જેના કારણે તેમણે આ અંગે તપાસ કરતાં ભ્રષ્ટાચારની શંકા ઉપજી હતી અને તેમણે આ અંગે વલસાડ તાલુકા વિકાસ અધિકારીને ફરિયાદ કરી હતી. આ સાથે તેમણે આ અંગે કોન્ટ્રાક્ટરને પણ ફોન કરી પુછ્યું હતુ. જેમાં કોન્ટ્રાક્ટર સાથેની કથિત ટેપમાં કોન્ટ્રાક્ટરે જણાવ્યું કે, તેમણે 220 લાઇટ લગાવવાની હતી. થોડી લગાવી છે. તેમજ તેમણે સ્ટેન્ડ ગ્રામ પંચાયતને જ આપ્યા હતા. જોકે, બીજી તરફ કોન્ટ્રાક્ટરને લાઇટ ઇન્સ્ટોલેશનની રકમની ચૂકવણી થઇ હોવાનું બહાર આવ્યું હતુ.

### ગામમાં માત્ર 50 લાઇટ જ જોવા મળી

આ અંગેની ફરિયાદમાં તેમણે જણાવ્યું કે, ગામમાં માત્ર 50 જેટલી લાઇટ જ જોવા મળી રહી છે. બીજી તરફ કોન્ટ્રાક્ટર 220 લાઇટ નવા સ્ટેન્ડ સાથે લગાવી હોવાનો દાવો કરે છે અને તેને બિલની પણ ચૂકવણી થઇ ગઇ છે. તેમણે આક્ષેપ કર્યો છે કે, સ્ટ્રીટ લાઇટમાં કથિત ભ્રષ્ટાચાર થયો હોવાની શંકા લાગી રહી છે. આ અંગે તેમણે સમગ્ર સ્ટ્રીટ લાઇટના પ્રકરણમાં તપાસની માંગ કરી છે અને કોન્ટ્રાક્ટર વિરૂદ્ધ યોગ્ય પગલાં ભરવાની વાત કરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### યુનિ.ના યુથ ફેસ્ટિવલની એકાંકી નાટક દ્વારા કેબીએસ કોલેજને ગૌરવ



વાપીઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત યુથ ફેસ્ટિવલ-2025માં કેબીએસ કોમર્સ અને નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજની ટીમે એકાંકી નાટક કેટેગરીમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી તૃતીય પુરસ્કાર પ્રાપ્ત કર્યો છે. સાથે જ નાટકના મુખ્ય કલાકાર કરણ ગિરાસેને શ્રેષ્ઠ અભિનય બદલ ચં.ચી. મહેતા બેસ્ટ એક્ટર એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં રજૂ કરાયેલા નાટક "દરજા" (લેખકઃ રાહુલ સુપેકર, દિગ્દર્શકઃ વીરેન્દ્ર પવાર) એ પોતાના સંદેશ, અભિનય અને રજૂઆતથી નિરીક્ષકોનું ધ્યાન આકર્ષ્યું હતું. નાટકમાં કલાકાર તરીકે કરણ ગિરાસે, દીક્ષા સિંહ, કૃતિકા મિશ્રા, શંકર સુનાર, ધ્રુવ પ્રજાપતિ અને કોમલ સિંહે અભિનય રજૂ કર્યો હતો. નાટકનું સંગીત રોમિત સિન્હા દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું, જ્યારે પ્રકાશ વ્યવસ્થા જ્યોતિ રેએ સંભાળી હતી. મેકઅપ વિભાગમાં માનસીકૃષ્ણ યાદવ, ડિમ્પલ કાનોજિયા અને પ્રિયા ભાનુશાલીએ મહત્વપૂર્ણ જવાબદારી નિભાવેલી હતી. નાટકની સફળતા પાછળ બેકસ્ટેજ ટીમનું પણ મહત્વપૂર્ણ યોગદાન રહ્યું હતું, જેમાં શિવમ યાદવ, સરફરાજ ખાન, ધનંજય શુક્લા, ભાવિ લાડ, દૃષ્ટિ ચૂટાલિયા, આર્યન જયસવાલ, નંદિની કપડી, રાણા સિંહ, આદિત્ય પાંડે અને રાજન યાદવએ સંકલિત રીતે કાર્ય કર્યું હતું. સમગ્ર કાર્યક્રમની તસવીરી નોંધ માટે મોથેસીમ કાઝી, ગુલશન યાદવ અને રુદ્ર ઠક્કુરની ફોટોગ્રાફી કમિટીએ જવાબદારી સંભાળી હતી. આ સમગ્ર નાટ્યપ્રસ્તુતિના સુચારૂ આયોજન અને સંકલન માટે કોલેજના સહાયક પ્રાધ્યાપકો ડો. કલ્પેશ એલ. માહલા અને સુશ્રી મીનુ ચૌધરીએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ સિદ્ધિ બદલ કોલેજના આચાર્ય ડો. પૂનમ ચૌહાણ, ટ્રસ્ટી તથા સ્ટાફ દ્વારા કલાકારો, બેકસ્ટેજ ટીમ અને માર્ગદર્શકોને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### વાપીની કોર્ટે ૧૦.૮૮ લાખની ઠગાઈના આરોપીનાં જામીન ફગાવ્યાં

વાપી : ઉમરગામ તાલુકાના કરમબેલી સ્થિત રાહુલ મોટર્સ સર્વિસ સ્ટેશનમાં ઠગાઈના કેસમાં વાપીની કોર્ટમાં આરોપીએ કરેલી જામીન અરજી કોર્ટે ફગાવી દીધી હતી. આ કેસની વિગત એવી છે કે, ઉમરગામ તાલુકાના કરમબેલી ગામે રાહુલ મોટર્સ સર્વિસસ્ટેશનમાં ૩-૧-૨૦૨૪થી ૧-૭-૨૦૨૫ સુધી આરોપી મૂળ વડોદરાનો હાલ વાપી રહેતો સાગર પાંડુરંગ બિલચે તથા ઉમરગામ તાલુકાના જંબુરીમાં રહેતો પિનલ બીપીન ધોડીએ એકબીજાની મદદગારીથી રાહુલ મોટર્સ સર્વિસ સ્ટેશનમાં જુદી જુદી કંપનીમાંથી સ્પેરપાર્ટ મંગાવી અમુક માલ રાહુલ મોટર્સના સ્ટોકમાં ચડાવ્યા વગર તથા અમુક માલ સ્ટોકમાં ચડાવી વર્કશોપમાં રિપેરીંગ માટે આવતી ટ્રકોના જોબકાર્ડ બનાવ્યા વગર જુદા જુદા સ્પેરપાર્ટ ટ્રકોમાં ફીટ કરી ટ્રક માલિકોને ગુમરાહ કરી સ્પેરપાર્ટનું પેમેન્ટ પોતાના ખાતામાં મેળવીને રૂપિયા ૧૦,૮૮,૪૮૮ છેતરપિંડી કરી હતી. આ ઘટનામાં આરોપી સાગર બિલચેની પોલીસે ધરપકડ કરી હતી. આરોપી સાગરની રેગ્યુલર જામીન અરજી અંગે વાપીની થર્ડ એડિશનલ ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં એજીપી રાકેશ ચાંપાનેરીયાની દલીલને ગ્રાહ્ય રાખી જજ પુષ્પાબેન સૈનીએ જામીન અરજી નામંજૂર કરતો હુકમ કર્યો હતો.

### ચીખલીમાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરી વેચતા એક ઝડપાયો




ઘેજ : ચીખલી પોલીસે પ્રતિબંધિત ચાઈનીઝ દોરી વેચતા નોગામા ગામના એક શખ્સને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. બનાવની પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર નવસારી જિલ્લા કલેક્ટર દ્વારા ઉત્તરાયણ દરમ્યાન ચાઈનીઝ દોરીના વેચાણ પર પ્રતિબંધ મુકતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ છે. ચીખલી પોલીસના સર્વેલન્સ સ્ટાફ દ્વારા ચેકીંગ હાથ ધરાતા ચીખલી તાલુકાના નોગામા પહાડ ફળીયા સ્થિત ગોજા માંઝા સેન્ટરમાંથી ત્રણ નંગ પ્રતિબંધિત ચાઈનીઝ દોરીની રીલ કિંમત રૂપિયા ૧,૮૦૦ મળી આવતા પોલીસે જતીન દિનેશભાઇ પટેલ સામે જાહેરનામા ભંગ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ ચીખલી પોલીસ કરી રહી છે.

### ચોરેલી મોટરસાયકલ સાથે બીલીમોરામાંથી બે ઝડપાયા

બીલીમોરા : તાજેતરમાં બીલીમોરા નજીકના વાઘરેચ પુલ પરથી ચોરાયેલી રૂપિયા ૬૦ હજારની કિંમતની મોટરસાયકલના બે આરોપીઓને પોલીસે મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા છે. હાલમાં જ બીલીમોરાના વાઘરેજ પુલ ઉપરથી રાત્રે હાર્દિક પટેલ (રહે ગોંયડી વચલા ફળિયા) હીરો સ્પ્લેન્ડર મોટરસાયકલ નંબર (જીજે.૨૧.ડીસી.૪૦૧૨) પુલના નાકે પાર્ક કરીને ચાલવા ગયા હતા. જે ગાયબ હતી. ઘણી શોધખોળ કરવા છતાં પણ મોટરસાયકલ નહીં મળતા હાર્દિક પટેલે બીલીમોરા પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ નોંધાવી હતી. જેની તપાસમાં જોતરાયલી બીલીમોરા પોલીસે બે મોટરસાયકલ મોહસીન હાજીભાઈ કડીવાલા (ઉ.૩૫ રહે વડોદરા) સાથે માનસીહ ઉર્ફે મની હનીસિંહ (ઉ.૪૦ રહે અંકલેશ્વર) ને મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા. બીલીમોરાના પીઆઈ જયદીપસિંહ ચાવડા તથા તેમની ટીમે મોટરસાયકલ ચોરીનો ભેદ ઉકેલ કાઢ્યો હતો. પકડાયેલા આરોપી મોસીન હાજીભાઈ કડીવાલા ગુનાહિત ઇતિહાસ ધરાવે છે. તેની સામે વડોદરાના જુદા જુદા પોલીસ સ્ટેશનોમાં ૧૧ જેટલા પ્રોહિબિશનના ગુના નોંધાયેલા છે.

### નવસારી પાસે ક્રેનની અડફેટે એક્ટિવા ચાલકનું સ્થળ પર જ મોત

નવસારી : નવસારી રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક ગંભીર માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે, જેમાં ક્રેનની ટક્કરથી એક્ટિવા ચાલકનું સ્થળ પર જ કરુણ મોત નીપજ્યું છે. આ અકસ્માત ઇટાળવા ગામની હદમાં, ગો-ગ્રીન નર્સરી સામે, ગણદેવીથી નવસારી તરફ જતા રોડ ઉપર થયો હતો. પોલીસમાં નોંધાયેલી ફરિયાદ અનુસાર તા. 02/01/2026ના રોજ સાંજે અંદાજે 5:00 થી 5:20 કલાક દરમિયાન Ace કંપનીની ક્રેન નં. GJ-05 SP-8383ના ચાલકે ક્રેન બેફામ ઝડપે અને ગફલતભરી રીતે ચલાવી અમૃતભાઈ પટેલની એક્ટિવા સ્કૂટર નં. GJ-21 AL-9957ને ટક્કર મારી હતી. ટક્કર એટલી ગંભીર હતી કે એક્ટિવા રોડ પર પટકાઈ ગઈ અને ચાલકને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઇજાઓ પહોંચતાં સ્થળ પર જ મોત નિપજ્યું હતું. આ ઘટનાને પગલે નવસારી રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. આ મામલે ફરીયાદી તરીકે રાજુભાઈ ભીખુભાઈ પટેલ (ઉ.વ. 62), નિવૃત્ત અને ઇટાળવા, વ્રજ વિહાર સોસાયટીના રહેવાસીએ ફરિયાદ નોંધાવી છે. આ અકસ્માતમાં આરોપી તરીકે ક્રેન ચાલક મનિષ મનસુખભાઈ રાણા (ઉ.વ. 49), રહેવાસી વૈષ્ણોદેવી ટાઉનશીપ, જહાંગીરાબાદ, સુરત સામે કાર્યવાહી કરવામાં આવી છે. નવસારી રૂરલ પોલીસ દ્વારા ઘટનાની તપાસ શરૂ કરવામાં આવી છે અને આગળની તપાસ પોલીસ ઇન્સ્પેક્ટર એચ.આર. બારોટ દ્વારા હાથ ધરવામાં આવી રહી છે.




## પારડીના રોડ બિસમાર, કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન

પારડી : પારડી તાલુકાના ઉદવાડાથી પરિયા, અંબાચ, ગોઈમા, રોહિણા જતો રોડ બિસમાર બનતા વાહનચાલકો હાલાકી ભોગવી રહ્યા છે. જેને લઈ પરિયામાં પારડી તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. અને રોડ બનાવવા માટે માંગણી કરી હતી. કોંગ્રેસ સમિતિએ જણાવ્યું હતું કે અહીંથી રોજના અવર જવર કરતા લોકો, નોકરિયાતો, સ્થાનિકોને બિસમાર માર્ગને લઈ પરેશાની વેઠવી પડી રહી છે. ત્યારે કોંગ્રેસે માર્ગ પર ફૂલહાર કરી, શ્રીફળ વધેરી વિવિધ સુત્રોચાર કર્યા હતા. અને રસ્તો બનાવવામાં નહીં આવશે તો પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપવામાં આવશે અને ચક્કાજામ કરવાની ચીમકી ઉચ્ચારી હતી. ત્યારે લોકોને સુગમતા રહે તે માટે વહેલી તકે રોડની મરામત કામગીરી કરવા માંગ કરી હતી.

## કોલક નદીના બ્રિજને સામાન્ય વાહનો માટે ખુલ્લો મુકાવાનો નિર્ણય

**ટુ-વ્હીલર,** પેસેન્જર કાર, એલ.એમ.વી, મીની બસ, હળવા કોમર્શિયલ વાહનો હંકારી શકાશે

વલસાડ : નાનાપોંઢા વાપી માર્ગના કોલક નદીના બ્રિજને વધુમાં વધુ આઠ ટન વજન ધરાવતા સામાન્ય વાહનો માટે ખુલ્લો મુકવા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે, જેમાં ટુ-વ્હીલર, પેસેન્જર કાર, એલ.એમ.વી, 2 એક્ષેલ ધરાવતી ફોર-વ્હીલર મીની બસ અને 2 એક્ષેલ ધરાવતા ફોર-વ્હીલર હળવા કોમર્શિયલ વાહનો 30 કીમી/કલાકની ઝડપ સુધી જ વાહનો હંકારી શકાશે. નિર્ણયના પગલે 20થી 25 ગામોના હજારો વાહન ચાલકોને 10થી 15 કી.મી.ના ફેરાવામાંથી મુક્તિ મળશે.

સુત્રોના જણાવ્યા મુજબ ચોમાસા અગાઉ તંત્ર દ્વારા પુલ બંધ કરવા અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું, જેને લઈ નાનાપોંઢા તાલુકા મથક હોવાથી સ્કુલના વિદ્યાર્થીઓ તેમજ 20થી 25 ગામના લોકોને અવર-જવર માટે ખુબ જ મુશ્કેલી પડતી હોવાથી નાનાપોંઢા નજીકના કોલક નદી બ્રિજને વાહન વ્યવહાર માટે ખુલ્લો મુકવા સ્થાનિકો તરફથી સતત રજૂઆતો થતી હતી. જે મુદ્દે પ્રોજેક્ટ ડાયરેક્ટર નેશનલ હાઈવે-૫૬ દ્વારા અપાયેલા રિપોર્ટ બાદ કલેક્ટર ભવ્ય વર્માએ મળેલી સત્તાની રૂએ, નાનાપોંઢા નજીકના કોલક નદી બ્રિજ ઉપરથી ફક્ત હળવા વાહનો જેવા કે ટુ-વ્હીલર, પેસેન્જર કાર, LMVs, ૨ એક્ષેલ ધરાવતી ફોર-વ્હીલર મીની બસ અને ૨ એક્ષેલ ધરાવતા ફોર-વ્હીલર હળવા કોમર્શિયલ વાહનો (તમામ વાહનો વધુમાં વધુ ૮ ટન સુધીનું કુલ વજન ધરાવતા) ને ૩૦ કિ.મી./કલાકની ગતિથી અવર-જવર માટે પરવાનગી આપી છે.

તા. ૧૨/૦૭/૨૦૨૫ અને તા. ૨૪/૦૭/૨૦૨૫ ના સુધારા જાહેરનામાની અન્ય બાબતો યથાવત રહેશે તેમજ બ્રિજના બંને છેડે આવેલા બેરીયર ખસેડવા અથવા તો ઉંચાઇ વધારવાની તેમજ બ્રિજના છેડે જાહેરનામાની સૂચના મુજબના સાઈનબોર્ડ લગવાવની કામગીરી પ્રોજેક્ટેક ડાયડાયરેક્ટર, નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયા, એકતાનગર રાજપીપળાએ કરાવવાની રહેશે.

### બનાવટી દસ્તાવેજના કેસમાં છેલ્લા 20 વર્ષથી ફરાર આરોપી ઝડપાયો



પારડી : પારડી પોલીસ મથકમાં બનાવટી દસ્તાવેજના ગુનામાં છેલ્લા 20 વર્ષથી નાસ્તા ફરતા આરોપીને પોલીસે ઝડપી પાડ્યો હતો. વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ વોન્ટેડ આરોપીઓને પકડવા કાર્યવાહી હાથ ધરી છે. તે દરમિયાન પારડી પોલીસ મથકના બનાવટી દસ્તાવેજના ગુનામાં છેલ્લા 20 વર્ષથી વોન્ટેડ આરોપી નેના રામ ઉર્ફે નરેશ ગણેશા રામ સુથાર (રહે. રાજસ્થાન)ને છોટા ઉદયપુરથી પોલીસે ઝડપી પાડ્યો હતો. અને વધુ તપાસ અર્થે પારડી પોલીસને સોંપી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

## ઠંડીમાં ઊંઘતી રેલવે અને RPF પોલીસ

**રણકપુર** એક્સપ્રેસના ફર્સ્ટ એસી કોચમાંથી પર્સ ચોરાયું

વલસાડ : વલસાડથી પસાર થતી ટ્રેનોમાં હવે એસી કોચમાં પણ તસ્કરો હાથ અજમાવી રહ્યા છે. જેની સામે રેલવે પોલીસ, આરપીએફ અને ટીસી પણ ઉંઘતા જણાઈ રહ્યા છે. રણકપુર એક્સપ્રેસ ફસ્ટ એસીમાં મુસાફરી કરતા વૃદ્ધ બાથરૂમ ગયા અને તેમનું રૂપિયા 28 હજારની મત્તા સાથેનું પર્સ ચોરાઇ ગયું હતુ.

કાંદીવલીમાં રહેતા રવિકુમાર નારંગ રણકપુર એક્સપ્રેસમાં એ-1 કોચમાં મુસાફરી કરી રહ્યા હતા. તેઓ પોતાનું પર્સ મુકી નવસારી નજીક બાથરૂમ ગયા ત્યારે કોઇ તસ્કરો તેમનું પર્સ ચોરી ફરાર થઇ ગયા હતા. તેઓ પરત થયા ત્યારે તેમનું પર્સ ન હતુ. ત્યારે તેમણે આ સંદર્ભે રેલવે પોલીસ મથકે ફરિયાદ કરતા પોલીસે બનાવ સંદર્ભે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

## SBPP બેંકના ચેરમેનનું રાજીનામું

**ચૂંટણી** પહેલા બેંકના ચેરમેને રાજીનામું કેમ આપ્યું તે જાણી શકાયું નહીં

વાપી : પારડીમાં મુખ્ય મથક ધરાવતી એસબીપીપી કો-ઓપ.બેંકમિટેડની તાજેતરમાં મળેલી બોર્ડની બેઠકમાં ચેરમેન જીતેન્દ્ર દેસાઈએ અચાનક રાજીનામું આપી દીધું હતું. બોર્ડ દ્વારા તેમનું રાજીનામું સ્વીકારી લઈને તેમના સ્થાને બેંકના વાઈસ ચેરમેન તેમજ વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલને ઇન્ચાર્જ ચેરમેન તરીકે નિયુક્ત કર્યા હતા.

બેંકના બોર્ડ ઓફ ડીરેક્ટર્સની ચૂંટણીઓ હવે થોડા સમયમાં જ આવવાની છે તે પહેલા બેંકના ચેરમેને રાજીનામું આપતા આ વાતની ચર્ચા ચાલી છે. જીતુભાઈએ રાજીનામું કેમ આપ્યું તે જાણી શકાયું નથી.